# જૈન ધર્મના પ્રચાર માટે નાટક-કલાનો ઉપયોગ

(પ. પૂ. આ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.ના શિષ્ય) ☆ લે. પૂ. મુનિશ્રી શીલચન્દ્ર વિજય મ.

ભારતીય કલાના ચિત્ર, નૃત્ય, સંગીત અને નાટક વગેરે પ્રકારોનો ઉપયોગ મુખ્યત્વે આ ત્રણ હેતુસર થાય છે : (૧) ભાવકના ચિત્તમાં રસનિષ્પત્તિ કરવા દ્વારા તેનું રંજન; (૨) ઐતિહાસિક કે કાલ્પનિક ઘટનાઓના માધ્યમે, લોકભોગ્ય શૈલીમાં, પ્રયોજકને અભિષ્ટ એવા રાજકીય કે વ્યાવહારિક હેતુઓની સિદ્ધિ અથવા ધાર્મિક સિદ્ધાંતો અને ઉપદેશોનો પ્રચાર-પ્રસાર, (૩) ભારતીય (પ્રાચીન-અર્વાચીન) સંસ્કૃતિનું સંરક્ષણ તથા સંવર્ધન.

જેમ ચિત્ર, નૃત્ય અને સંગીત, તેમ નાટક પણ આ ત્રણે હેતુઓને બર લાવવાનું પ્રબળ અને શ્રેષ્ઠ સાધન મનાય છે. માત્ર અર્વાચીન યુગમાં જ નહિ, પણ પ્રાચીન ઈતિહાસકાળથી નાટકનો આ હેતુઓ માટે ઉપયોગ થતો રહ્યો છે. હા, યુગભેદે તેમાં ભાષા અને રજૂઆત વગેરેમાં અનેક પરિવર્તનો થતાં આવ્યાં છે.

સામાન્યત: કોઈ પણ નાટક-પછી તે રાજકીય ઘટના પર આધારિત હોય કે ઐતિહાસિક કે ધાર્મિક કથાવસ્તુ પર આયોજિત હોય તેનું ધ્યેય 'રસનિષ્પત્તિ દ્વારા મનોરંજન' જ હોય છે. એમાં જે સફળ ન થાય તે નાટક બીજા બે હેતુઓને ભાગ્યે જ પાર પાડી શકે છે. એટલે ખરી વાત એ છે કે 'રસ નિષ્પત્તિ દ્વારા મનોરંજન'નું કાર્ય સાધીને જ કોઈ પણ નાટક, તેના બાકીના બે હેતુને પાર પાડવા શકિતમાન બને છે.

જ્યારે કાન્યકુબ્જનરેશ આમ્ર રાજાના મનમાં, પોતાના ગુરુ સિદ્ધ-સારસ્વત જૈનાચાર્ય શ્રી બપ્પભટ્ટીસૂરિજીના ગુરુબંધુઓ અને મહાન જૈનાચાર્યો-ગોવિંદસૂરિ તથા નન્નસૂરિના ચારિત્ર્ય વિષે શંકા ઊપજી, ત્યારે તેનું નિવારણ કરવાને તે બન્ને આચાર્યોએ મોઢેરકથી કાન્યકુબ્જ જઈ, નટવેષ ધારણ કરી, રાજસભામાં પોતાની ઉત્કૃષ્ટ અભિનયકળા દર્શાવવા દ્વારા વીર રસની એવી તો "વિગલિતવેદ્યાન્તર" અનુભૂતિ કરાવી કે જેના પરિણામે ચાલુ નાટકે જ સભામાં બેઠેલા આમ્ર રાજા વગેરે ક્ષત્રિયો રંગભૂમિને રણમેદાન સમજી બેઠા ને તલવાર ખેંચીને યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા. એ જ વખતે પોતાનું 'वचस्विनः को वा रसः अपोषित :' આ વાત આમ્ર રાજાને સમજાવવાનું મુખ્ય પ્રયોજન પૂરું થયું જોઈને બન્ને આચાર્યોએ નાટક, સમેટી લીધું. નાટકનાં સામાન્ય પ્રયોજન-'રસનિષ્પત્તિ અને તે દ્વારા મનોરંજનના માધ્યમથી ઉદ્દેશ સિદ્ધિ' નું આ ઉમદા ઉદાહરણ છે.

(૨) માલવપતિ રાજા ભોજ જ્યારે અન્ય દેશ પર ચડાઈ કરવાનું વિચારતા હતા ત્યારે, તેનું આક્રમણ ખાળવાના એક રાજકીય ઉપાય તરીકે, તૈલંગણના રાજા તૈલપદેવના હાથે થયેલા માલવપતિ મુંજના ઘોર પરાજય અને દયાજનક અને મૃત્યુના પ્રસંગોને આવરી લેતું એક નાટક ભોજરાજાને દેખાડવામાં આવેલું અને તેથી એ નાટકના પ્રયોજકનો રાજકીય હેતુ-ભોજ રાજાના આક્રમણના પ્રવાહને અન્યત્ર વાળવાનો-બરાબર સફળ થયો-બર આવી ગયો.

(૩) અને, ભારતીય સંસ્કૃતિનાં સંરક્ષણ અને સંવર્ધન માટે નાટકનો ઉપયોગ જેમ આજે થાય છે તેમ પ્રાચીન કાળમાં પણ થતો જ હતો. આપણાં પ્રાચીન, પ્રાચીનતમ્ નાટ્યશાસ્ત્રનાં ગ્રન્થો આ વાતના પુરાવા આપે છે.

જેમ, આ બધા હેતુઓ સર નાટકો પ્રયોજાય છે, તેમ ધાર્મિક સિદ્ધાંતો અને ઉપદેશોને જન સાધારણ સુધી પહોંચાડીને વ્યવહારુ રીતે અમલી બનાવવા માટે પણ નાટક-કલાનો આશ્રય સૈકાઓથી લેવાતો આવ્યો છે. આ બાબતથી જૈનધર્મ પણ વેગળો નથી રહ્યો. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યના યુગમાં અને મંત્રીશ્વર વસ્તુપાળ-તેજપાળના સમયમાં, ગુજરાતમાં પ્રવતેલા સંસ્કારિતાના સુવર્ણયુગમાં જેમ ઈતર સાહિત્ય અને ઈતર નાટક સાહિત્ય રચાયું છે તેમ જૈન નાટક-સાહિત્ય પણ રચાયું છે. એટલું જ નહિ, પણ રંગભૂમિ પર તેની અસરકારક અને લોકરંજક રજૂઆતો પણ થઈ છે. આવી રચનાઓમાં મુદ્રિતકુમુદચન્દ્ર, મોહરાજ પરાજય, પ્રબુદ્ધ રૌહિણેય વગેરે નોંધપાત્ર છે. કલિકાલસર્વજ્ઞના પટ્ટધર અને સ્વતંત્રતાના પરમપૂજક આચાર્ય રામચંદ્રસૂરીજીએ જ સો જેટલાં સાહિત્ય પ્રબંધો રચ્યાં હતાં, જેમાં સંસ્કૃત નાટકોની સંખ્યા ગણનાપાત્ર હોવાનું શકય છે.

આ જૈન નાટકો (જે મુખ્યત્વે સંસ્કૃત ભાષામાં છે)નો મુખ્ય ઉદ્દેશ અહિંસા, અપરિગ્રહ, ત્યાગ અને વૈરાગ્યની ભાવના, આત્મશાંતિ અને એ બધાં વડે 'પ્રાપ્તવ્ય' એવા મોક્ષ વગેરે વગેરે જૈન ધર્મના મૌલિક સિદ્ધાંતો અને તેને અનુસરનારા ઉપદેશોની લોકહૃદયમાં સ્થાપના-પ્રભાવના કરવી, એ છે. આ માટે જૈન નાટકોના પ્રણેતાઓએ, કયારેક સંસારની અસારતા અને તેથી જ તેના તરફની આસકિતનો ત્યાગ કરવા પૂર્વક સંવેગ અને નિર્વેદથી ભરપૂર વૈરાગ્યરસની ગ્રાહ્યતાનું નિરૂપણ કરતી કાલ્પનિક રૂપકકથાઓનું આલંબન લીધું છે. દા. ત. મોહરાજ પરાજય નાટક; તો તેમાં કયારેક ધર્મક્ષેત્રે બની ગયેલી ઈતિહાસ-પ્રસિદ્ધ ઘટનાઓનો આધાર લીધો છે. દા. ત. પ્રબુદ્ધ રૌહિણેય નાટક.

નાટક જ્યારે ઐતિહાસિક ધર્મકથા પર આધારિત હોય ત્યારે તેની પાત્રસૃષ્ટિમાં, કથાની સાથે અને એથી જ નાટકમાં સંકળાયેલા ધર્મપુરુષોનો પણ તેમાં સમાવેશ કરવો આવશ્યક થઈ પડે છે. પણ આમ કરવા જતાં એ ધર્મપુરુષની અને એ દ્વારા ધર્મની આશાતના થઈ જવા ન પામે, તેમ જ ધર્મના અનુયાયીઓની ધાર્મિક લાગણી દુભાવા ન પામે એનો નાટકકારે ખાસ ખ્યાલ રાખવો પડે છે. એવી ચીવટપૂર્વક કરાયેલી પાત્રકલ્પના, નાટકની કથાવસ્તુને તથા રજૂઆતને કોઈ અનેરો જ ઉઠાવ અર્પે છે.

આવા જ એક ઉઠાવદાર નાટક प्रबुद्ध रोहिणेयમાં નાટકકર્તાએ ખુદ શ્રમણ ભગવાન મહાવીરદેવને પાર્શ્વ-પાત્ર તરીકે યોજ્યા છે. આવા પાત્રનું સંયોજન કરવાની નાટકકારની કુશળતા દાદ માગી લે તેવી છે.

प्रबुद्ध रोहिणेय ના પ્રણેતા, વિક્રમના બારમા સૈકામાં થયેલા અને તેરમા સૈકામાં દિવંગત થયેલા બૃહદ્ગચ્છીય મહાન જૈનાચાર્ય શ્રી વાદી દેવસૂરિ મહારાજના પટ્ટધર સૈદ્ધાંતિક શિરોમણી આચાર્ય શ્રીજયપ્રભસૂરીજીના શિષ્ય, મધુરવાણીના ઉદ્ગાતા મુનિ રામભદ્ર છે. તેમણે રચેલું આ નાટક, તેરમા શતકમાં ગુજરાતના પાટણ શહેરમાં શ્રી યશોવીર અને શ્રી અજયપાલ નામક બે શ્રેષ્ઠિબંધુઓએ કરાવેલા શ્રીયુગાદિદેવ પ્રસાદની અંદર, પ્રથમ રજૂઆત પામ્યું હતું.

જ્યારે મગધદેશ પર સમ્રાટ, શ્રેણિક બિંબિસારનું શાસન પ્રવર્તતું હતું, ભારતવર્ષમાં અહિંસામૂર્તિ, પ્રેમાવતાર, ભગવાન મહાવીરનું ધર્મચક્ર પ્રસરી ચૂકયું હતું, પોતાની વિદ્યાશકિત વડેથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભયકુમાર જેવા બુદ્ધિનિધાન મંત્રીને પણ કાનની બૂટ પકડાવનાર ચોર રૌહિણેયના ચોરજીવનની કથા લઈ, એનાં હૃદય પરિવર્તનની ઘટનાને કેન્દ્રબિંદુ બનાવીને રચાયેલું આ નાટક :

दर्शन ध्यान संस्पर्शैः, मत्सी कूर्मी च पक्षिणी ।
पालयेदात्मजान्नित्यं, तथा सज्जन संगतिः ।। તેમ જ

"सत्संगतिः कथय किं न करोति पुंसाम्" આવી ઉક્તિઓમાં વર્ણવેલી સત્સંગતિની અજાણ્યે ને અનિચ્છાએ પણ થઈ ગયેલી અનુભૂતિ કે સ્પર્શનનાં ફળ કેવાં મીઠાં નીપજે છે! આ હકીકત, તેનું જ્વલંત દૃષ્ટાંત પૂરું પાડે છે. આ ઉપરાંત ભગવાન મહાવીરે પ્રબોધેલા, સૂક્ષ્મ કે સ્થૂલ કોઈ પણ વસ્તુ, તેના માલિકની અનુમતિ સિવાય લેવા રૂપ અસ્તેયના સિદ્ધાંતનો પાઠ પણ આડકતરી રીતે શીખવે છે.

રૌહિણેયને અનિચ્છાએ પણ સત્સંગતિ કઈ રીતે થઈ ગઈ? તે જાણવા માટે પ્રસ્તુત નાટકમાં વર્ણવેલી એના જીવનની ઘટનાઓ આપણે ટૂંકાણમાં જોઈએ:

રૌહિણેયનો પિતા લોહખુર નામે મગધનો પ્રખર ચોર છે. અનેક ચોરોનો એ નાયક હોવા ઉપરાંત 'અદશ્યકારિણી' વગેરે વિદ્યાઓ પણ જાણતો હતો. આ જ કારણે એ દુર્ધર્ષ અને દુર્જેય થઈ ગયો હતો. એણે પોતાનાં મરણ વખતે, ચૌર્યવિદ્યામાં પોતાથી યે સવાયા પારંગત પુત્ર રૌહિણેયને એક પ્રતિજ્ઞા લેવડાવી કે: "રૌહિણેય! તારે પ્રાણાંતે પણ શ્રમણ મહાવીરનું વચન સાંભળવું નહિ ને તેનો પરિચય કરવો નહિ." દુનિયા માટે દુર્જેય ગણાતો લોહખુર એકમાત્ર શ્રમણ મહાવીરથી ખૂબ ડરતો. એને ખબર હતી કે મહાવીરના નજીવા પરિચયે પણ માણસમાં આમૂલ પરિવર્તન આવી જાય છે. ને જો એમ થાય તો પોતાનો વારસાગત ચોરીનો ધંધો ને તેના કારણે મેળવેલી પ્રતિષ્ઠા પળવારમાં ખંડિત થઈ જાય. આ એની દહેશત હતી. એટલે એ પોતે તો જીવનભર મહાવીરથી દૂર જ રહેલો, પણ પોતાના પુત્રને પણ તેણે એમનાથી દૂર રહેવાની આવી પ્રતિજ્ઞા કરાવી. પ્રતિજ્ઞા લેવરાવતાં પૂર્વે તેણે મહાવીર વિષે રૌહિણેયને અગણિત વિચિત્ર કાલ્પનિક વાતો કહી. આ બધાથી દોરવાયેલા રૌહિણેયે પ્રાણના ભોગે 'પણ' પાળવાનું વચન આપીને આ પ્રતિજ્ઞા લીધી. એથી સંતોષ પામેલો લોહખુર નિરાંતે મર્યો.

એ પછી સ્વતંત્રપણે આરંભાયેલી રૌહિણેયની મગધના મહાચોર તરીકેની કારકિર્દી જ્યારે ટોચે પહોંચી અને તેને પકડવામાં મગધની તમામ દંડશક્તિ નાકામિયાબ પુરવાર થઈ ત્યારે મહામંત્રી અભયકુમારે પ્રજાને ભયમુક્ત કરવા માટે પોતે જ રૌહિણેયને પકડવાનું બીડું ઝડપ્યું. લોકોને લાગ્યું કે હવે ચોરનું આવી બન્યું!

અને બન્યું પણ એવું જ. જ્યારે અભયકુમાર પોતાની જાસૂસી જાળ ને સૈન્યશક્તિને વ્યૂહબદ્ધ ગોઠવી રહ્યા હતા, ત્યારે જ રૌહિણેયને રાજગૃહીમાં ચોરી કરવા જવાનું સૂઝ્યું. તે રાજગૃહી ભણી નીકળી તો પડ્યો પણ ધૂનમાં ને ધૂનમાં તેને એ ખબર ના રહી કે માર્ગમાં મહાવીરનું સમવસરણ છે ને તેમનો ઉપદેશ ચાલી રહ્યો છે. સમવસરણની તદ્દન નજીક પહોંચ્યો ત્યારે જ તેને આ વાતનો ખ્યાલ આવ્યો કે પ્રતિજ્ઞાભંગ થઈ જશે. આ વિચારથી તે વિહ્વળ થઈ ગયો. પણ હવે કોઈ ઉપાય ન હતો. ગમે તે તરફ જાય પણ મહાવીરના શબ્દો કાને પડવાના જ. જીવનનું કોઈ મહાન પાપ પોતે કરી રહ્યો છે એમ તેને લાગ્યું. આ પાપથી બચવા ખાતર તેણે પોતાના બન્ને કાનોમાં આંગળી ખોસી દીધી ને ખેતર કે રસ્તો જોયા વગર આડેધડ દોડવા લાગ્યો. પણ ઝડપથી દોડવા જતાં પગમાં ધારદાર સોયા જેવી કાંટાની શૂળ ભોંકાઈ ગઈ, તે કાઢ્યા વિના ચાલવું અશક્ય બન્યું. એ કાઢવા માટે તેણે મોં વતી પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ. એને માટે ધર્મસંકટ ખડું થયું. કાંટો કાઢ્યા વિના ચલાય નહિ ને કાંટો કાઢવા માટે કાનમાંથી હાથ છૂટો કરે તો મહાવીરનું વચન કાને પડી જાય તો પ્રતિજ્ઞાભંગ થાય. પણ જો હવે જલદી આગળ ન વધે તો પકડાઈ જવાનો પણ સંભવ હતો. એટલે તેણે એક હાથ છૂટો કર્યો ને કાંટો ખેંચી કાઢ્યો.

પણ, આમ કરવામાં વીતેલી ગણતરીની પળોમાં પણ એના કાને ભગવાન મહાવીરનાં વેણ પડી જ ગયાં. અત્યારે એ જેને સાંભળવામાં મહાપાપ માનતો હતો, એ જ વેણ ભવિષ્યમાં એની રક્ષણઢાળ બની ગયાં, એટલું જ નહિ, એના હૃદય પરિવર્તનનું પણ મહાન નિમિત્ત બની ગયાં. આ રહ્યા ભગવાનના એ શબ્દો :
"દેવોને પરસેવો થાય નહિ, દેવોને થાક લાગે નહિ,
દેવોને રોગ થાય નહિ, દેવોની ફૂલમાળા કરમાય નહિ;
દેવો પૃથ્વીથી અદ્ધર ચાલે, દેવોની આંખમાં પલકારા ન હોય;
દેવ-વસ્ત્રો સદા વપરાય છતાં નિત્ય નૂતન રહે;
દેવોના શરીર સુગંધયુક્ત હોય, દેવો, વિચાર માત્રથી ધાર્યું કાર્ય કરી શકે.

આ વચનો, **प्रबुद्ध रौहिणेय** માં મુનિ રામભદ્રે સાક્ષાત ભગવાન મહાવીરના મુખે બોલાઈ રહ્યાં હોય તે રીતે એક શ્લોકમાં પરોવી દીધાં છે. જોવાની ખૂબી તો એ છે કે આવા લોકોત્તર પુરુષનું પાત્ર પણ તેમણે નેપથ્યમાં (પાર્શ્વ-પાત્ર તરીકે) રજૂ કર્યું છે એટલે કાંટો કાઢી રહેલા રૌહિણેયના કાનોમાં નેપથ્યમાંથી ભગવાન મહાવીરની ધીર અને મેઘગંભીર વાણી પ્રવેશી રહી છે :

निःस्वेदाङ्गाः श्रमविरहिता नीरुजोऽम्लानमाल्या,
अस्पृष्टोर्वीवलयचलना निर्निमषाक्षिरम्याः ।
शश्वद्भोगेऽ प्यमलवसना विस्रगन्ध प्रमुक्त्का-
श्चिन्तामात्रोपजनितमनोवाम्छितार्थाः सुराः स्युः ।।

અને આ સાંભળનાર રૌહિણેય(નુંપાત્ર) આ વખતે વિચારે છે કે અરેરે! મારી અનિચ્છા છતાં આ-(મહાવીર-નાં પાત્ર)નું વચન મારાથી સંભળાઈ ગયું. મેં પિતાને આપેલું વચન પણ હું ન પાળી શક્યો! ધિક્કાર હો મને!

અને, આમ વિચારતો તે નગરમાં ચાલ્યો જાય છે.

☆

અહીં એ સમજાય તેવી વાત છે કે નાટકકારે ભગવાન મહાવીરનાં વચનો ઉચ્ચારનાર એક પાત્રની કલ્પના કરી છે, જેને રૌહિણેયનું પાત્ર 'મહાવીર' સમજે છે પણ આવા લોકોત્તર ધર્મતીર્થંકરની અશાતના ન થવા પામે, એ વાતને બરાબર લક્ષ્યમાં રાખીને જ નાટકકારે 'મહાવીર'ના પાત્રને રંગ-મંચ ઉપર સાક્ષાત (પ્રગટપણે) રજૂ ન થવા દઈને, તેને નેપથ્યમાં ગોઠવીને -જાણે, દિવ્યગાન ચાલી રહ્યું હોય તેમ-શ્લોકગાનને જ પ્રસારિત થવા દીધું છે. પણ આનો અર્થ એ નથી થતો કે રૌહિણેય (નું પાત્ર) અને પ્રેક્ષકવૃંદ પણ, એ શ્લોકગાનને પ્રભુ મહાવીરના મુખે ઉચ્ચારાતાં વચનરૂપે નથી સ્વીકારતું. એ બધાં તો એમ જ સમજે છે કે, આ સાક્ષાત મહાવીર પ્રભુ જ બોલી રહ્યા છે અને એમ સમજીને તેઓ પોતાને ધન્ય પણ માની રહ્યા છે. આમ થાય એમાં જ નાટકનો 'ભાવકના ચિત્તમાં વિગલિતવેદ્યાંતર અને બ્રહ્માનંદ સહોદર રસની સમાધિ નીપજાવવાનો' ઉદ્દેશ સફળ બને છે. વળી, નાટકકારની પાત્રગૂંફનની કુશળતા પણ ભાવકના મનમાં રોચક અને ઊંડી છાપ અવશ્ય પાડી જાય છે.

આ પછી તો રૌહિણેય અભયકુમારની જાળમાં આબાદ ફસાઈ જાય છે. પણ પકડાવા છતાં તેને ચોર સાબિત કરે એવો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ દાર્શનિક પુરાવો નથી મળતો એટલે રાજા તેને, ચોરને કરાતી સજા નથી કરતા, પણ અભયકુમાર આથી નાસીપાસ નથી થતા. તે તો નવીન યુકિત જ અજમાવે છે. રૌહિણેયને ઉત્કટ પ્રકારનો મદ્ય પાઈને બેહોશ બનાવે છે ને પછી રાજમહેલમાં સ્વર્ગનું જીવંત વાતાવરણ રચી દે છે. સ્વર્ગના એક દેવવિમાનના સ્વામી તરીકે બેહોશ રૌહિણેયને ગોઠવી દે છે. ચોપાસ સ્વર્ગની અપ્સરાઓને દેવદેવીઓ રૂપે સુનિપુણ સેવકગણને ગોઠવે છે. એ બધા કર્ણમધુર શબ્દોથી રૌહિણેયને જગાડે છે. અર્ધજાગૃત દશામાં આ બધું સાંભળીને રૌહિણેયને, પોતે સાચે જ દેવગતિમાં હોવાનો ભ્રમ—ઘડીભર—થાય છે. ઈંગિતાકારથી જ માનવ-મનને પરખનારા સેવકો આ સમજી જાય છે ને તેઓ સાવધપણે-ભૂલ ન થાય તેવી તકેદારીથી, પૂછે છે: હે સ્વામિન્! અમને દેવલોકના અધિપતિ ઈન્દ્રમહારાજાએ મોકલ્યા છે, અમારે અહીં નવા ઉત્પન્ન થનાર દેવને યોગ્ય કૃત્યો કરવા લઈ જવાનાં છે; પણ એ પૂર્વે આપ કૃપા કરીને અમને કહો કે ગતજન્મમાં આપે કયા કયા શુભ-અશુભ કૃત્યો કરેલાં?

રૌહિણેય બડભાગી હતો, જો સ્હેજ વધુ સમય તેની અર્ધભાનાવસ્થા ચાલુ રહી હોત તો તે બધું જ પોતાનું ચોર-ચરિત્ર કહી દેતો. પણ તેના મગજ પરથી પેલા ઉત્કટ મદ્યની અસર ધાર્યા કરતાં વહેલી ઉતરી ગઈ. સેવકોનો પ્રશ્ન સાંભળતાં જ તે એકદમ સાવધાન થઈ ગયો. ઘડીભર આ બધું તેને સાચું તો લાગ્યું પણ વળતી જ પળે તેને શંકા જાગી કે આ બધી અભયકુમારની માયાજાળ તો નહીં હોય? તે નક્કી તો ન કરી શકયો પણ તેણે ચેતીને ચાલવાનો નિર્ણય તો કર્યો જ. આ જ વખતે, અનાયાસે એને પેલા શ્રમણ મહાવીરનાં અનિચ્છાએ સંભળાઈ ગયેલાં વચનો યાદ આવી ગયાં. એણે વિચાર્યું: દેવોનું સ્વરૂપ વર્ણવતાં ભગવાન મહાવીરે જે વાતો કહેલી, તે જો આ લોકોમાં સંભવતી હોય તો આ બધું સાચું, અન્યથા અભય મંત્રીની માયા.

એણે ભગવાનનાં વચનો યાદ કરી કરીને બારીકાઈથી બધું જોવા માંડયું. તરત એને પ્રતીતિ થઈ કે ના, આ લોકો ‘દેવ’ ન હોઈ શકે. આ લોકો તો ભગવાન મહાવીરે વર્ણવેલા દેવો કરતાં વિપરીત-સામાન્ય માણસ જેવા લાગે છે! બસ, હવે માયાનો જવાબ માયાથી આપવાનો રોહિણેય નિશ્ચય કરે છે.

નિષ્ઠુરોમાં પણ નિષ્ઠુર મનાતા મહાચોર રૌહિણેયનાં હૃદયપરિવર્તનનું પ્રારંભિક બીજ એની આ વિચારણામાં જોવા મળે છે. જે વ્યકિતનો પડછાયો પણ એને ત્યાજ્ય હતો, જેને માટે એ ‘મહાવીર’ કે ‘શ્રમણ મહાવીર’ જેવા શબ્દોનો તે પણ હૈયામાં હોય તેટલી સઘળી તોછડાઈથી પ્રયોગ કરતો હતો, એવા એ જ મહાવીર માટે આ પળોમાં એના અંતરમાં ઊંડે ઊંડે અવ્યકત આદર અનાયાસે જ ઊગતો દેખાય છે. એ આદર જ એને “દેવોનું સ્વરૂપ વર્ણવતાં ભગવાન મહાવીરે જે વાતો કહેલી” એવો અને “આ લોકો તો ભગવાને વર્ણવેલા દેવો કરતાં વિપરીત એવો વિચાર કરવા પ્રેરે છે. જો એને મહાવીર પ્રત્યે અવ્યકત આદર જાગ્યો ન હોત તો એ એક વિચારનિપુણ માનવીને છાજે તેવી સભ્ય વિચારણા ન કરી શકયો હોત અને ‘મહાવીર’ને માટે આદરસૂચક ‘ભગવાન’ શબ્દનો સ્વાભાવિક પ્રયોગ ન કરી શકયો હોત. એના મનમાંથી ‘મહાવીર’ પ્રત્યેની તોછડાઈ નામશેષ બની રહી હતી, એનું સૂચન ‘ભગવાન’ શબ્દ કરે છે. નાટકમાં પણ મુનિ રામભદ્રે “यदि कण्टकोद्धारकालाकलितं भगवद्वच : संवदिष्यते” તેમ જ “अहो ! भगवद्वर्णितस्वर्गि स्वरूपाबाह्या एते” આમ લખીને રૌહિણેયનાં હૃદયપરિવર્તનનો પ્રારંભ, પૂરી સાહજિકતાથી ગૂંથી દીધો છે, પ્રેક્ષકો માટે પણ, આ બીના, રૌહિણેયને પોતાને માટે આ ભકિત જેટલી અવ્યકત છે, તેટલી જ અવ્યકત રહે છે અને પ્રેક્ષકોને સ્પષ્ટપણે ભાન ન થાય (કેમ કે એવું ભાન થાય તો રસ-ક્ષતિ થાય) એ રીતે હૃદયપરિવર્તનનો પ્રારંભ થવા દેવો, એમાં જ નાટકકારની નિપુણતા છે ને!

અહીં બીજી પણ એક વાત છે. નાટકમાં અભિનય કરનાર વ્યકિત, તે જે પાત્રનો અભિનય કરતી હોય, તેની સાથે સહજ-અકૃત્રિમ ભાવે એકાકાર બની જાય એટલે કે ઈતિહાસ કાળમાં થઈ ગયેલી તે વ્યકિત ‘હું પોતે જ છું’—એવો અનુભવ—પૂરી સાહજિકતાથી, કરે તો જ તે અભિનેતા. વ્યકિતનો અભિનય પૂર્ણતયા સફળ બને અને પ્રેક્ષકો પણ તદાકાર બનીને રસાનુભવ કરે. प्रबुद्ध रौहिणेय માં પણ, નેપથ્યમાં વિરાજેલું ભગવાન મહાવીરનું પાત્ર ખૂબ સહજતાથી પોતાનું ‘મહાવીર’ સાથેનું તાદાત્મ્ય અનુભવતું લાગે છે, ને એ તાદાત્મ્ય જ એની પાસે ધીરગંભીર સ્વરે શ્લોકગાન કરાવવાનું સામર્થ્ય ધરાવે છે. એ તાદાત્મ્ય જ પ્રેક્ષકોને ‘વીર’—વાણી સાંભળી રહ્યાની અનુભૂતિ કરાવે છે. એ અનુભૂતિ કરતી વખતે કે તેમાંથી બહાર નીકળ્યા પછી પણ પ્રેક્ષકોને એવો વિચાર નથી આવતો કે ‘ઓહ, આ તો વીતરાગની આશાતના, કરી!’ બલ્કે, આ સંયોજન એમને સુશિષ્ટ, સાંસ્કારિક અને સ્વાભાવિક જ લાગે છે, જે નિતાંત નિર્દોષ હોઈ શકે. એ તાદાત્મ્યનાં કારણે અત્યારની છેલ્લી પરિસ્થિતિમાં રૌહિણેયને ‘ભગવાન તો તે દિવસે જુદું કહેતા હતા, ને આ લોકોનું સ્વરૂપ તો જદું છે’ એવી પ્રતીતિ સંભવે છે.

તો, રૌહિણેયનો અભિનય કરતી વ્યકિત પણ ‘પોતે જુદી વ્યકિત છે. રૌહિણેય નથી.’ એવો અનુભવ જો કરતી હોત તો તેનો અભિનય કાં તો કૃત્રિમ બનત, કાં તો તે શિથિલતા ભોગવત. પરિણામે પ્રેક્ષકોને રસાસ્વાદ ન મળત. પણ અહીં એવું નથી. અહીં તો પ્રેક્ષકો માત્ર રસાસ્વાદ જ નહિ પણ રસની સમાધિ મેળવી ચૂકયા જણાય છે, અને અભિનેતામાં પણ શિથિલતા કે કૃત્રિમતા નથી લાગતી, એ જોતાં સમજાય છે કે, એ અભિનેતાએ સ્વાનુભવથી જ સંવેદ્ય એવી સહજતાથી ઈતિહાસકાલીન ‘રૌહિણેય’ નામની વ્યકિત સાથે અભેદ સાધ્યો છે.

આ જ નાટકકારની ઉદ્દેશસિદ્ધિ છે.

પાછા મૂળ વાત પર આવીએ. પેલા દેવોની કૃત્રિમતા પારખીને રૌહિણેય પણ એમને કૃત્રિમ જવાબો આપીને અભયકુમારની ધારણાને ધૂળમાં મેળવે છે. સામ - દામ - દંડ - ભેદ અજમાવીને થાકેલા અભયકુમાર રાજાને સૂચવે છે કે ‘આ ચોર છે એવી ખાતરી નથી થતી, માટે એને છોડી દેવો જોઈએ, પણ તે પહેલાં આપ એને અમત્સરભાવે સાચી વાત પૂછો તો સારું’. આમ કરવા માટે રાજાની સંમતિ મળતાં જ રૌહિણેયને રાજા સમક્ષ હાજર કરાય છે. એ વખતે રાજા ને મંત્રી સિવાય કોઈ હાજર નથી રહેતું.

રાજાએ પૂછ્યું: “ભાઈ! અમને ખાતરી છે કે તમે જ રૌહિણેય ચોર છો, પણ પુરાવાના અભાવે તમને છોડી મૂકવા પડે છે. તમને શિક્ષા કરવા કે બાંધી રાખવા અમે અસમર્થ છીએ પણ તમે મારી એક વાતનો સાચો જવાબ આપશો? શું ખરેખર તમે રૌહિણેય નથી? ડરશો મા, તમને અભયદાન છે, જે સત્ય હોય તે કહેજો.”

રાજા પૂછે છે. વિશ્વાસથી પૂછે છે. ઉભયનું ગૌરવ જળવાય એ રીતે પૂછે છે. એની પૂછવાની રીત અને તે વખતનું એકાંત, એ બધું જોતાં લાગે છે કે માનવ જીવનમાં વિશ્વાસ એ અદ્વિતીય અને અમોઘ શકિત તત્ત્વ છે. કઠોર કે પાપી જન ઉપર પણ તમે વિશ્વાસ મૂકો તો તે પોતાનાં કુકર્મોના એકરાર કરતાં નહિ અચકાય. બલ્કે કુકર્મો કરવાનું છોડી પણ દેશે. કારણ કે સાચો વિશ્વાસ હમેશાં પ્રેમ-મૂલક જ હોય છે. ભય-મૂલક નહિ જ





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૌહિણેય તો પ્રથમથી જ ધારી બેઠો હતો કે પોતે હવે જલદી છૂટી જ જશે. પણ જે ઘડીએ એ અભયકુમારનાં ચાતુર્યને નિષ્ફળતામાં ફેરવી શકયો, તે જ ઘડીએ એના હૃદયમાં એક તુમૂલ મંથન શરૂ થઈ જાય છે. એને થાય છે: 'રે ભગવાનનાં વચન સાંભળવાનો ને દર્શન કરવાનો મારા પિતાએ મને કડક પ્રતિબંધ કર્યો, તે ભગવાનનાં એક જ વચનમાં આટલી બધી તાકાત? જો એ વચન મારા કાને પરાણે પણ ન પડયું હોત તો આજે હું ઘોર શિક્ષા વેઠતો હોત? ઓહ્, મારા પિતા કેવા ગેરમાર્ગે દોરવાયા અને મને પણ દોરતા ગયા!

રૌહિણેયનું આ હૃદયમંથન, રાજાની પાસે પોતાનું સાચું સ્વરૂપ કબૂલ્યા પછી પોતાના જીવનનું બયાન આપતી વખતે બોલાયેલા પ્રસ્તુત નાટકના इयत्कालं कूट स्वपितृवचनग्रस्तमनसा -
मयाऽपास्तं जैनं वचनमनिशं चौर्यरतिना ।
हहापास्याम्राणि प्रवर रसपूर्णानि तदहो !,
कृता काकेनेव प्रकटकटुनिम्बे रसिकता ।।३४।।
चौर्य निष्ठापहिष्ठस्य धिगादेशं पितुर्मम ।
वञ्चितोऽस्मि चिरं येन, भगवद्वचनामृतात् ।।३५।।

આ શ્લોકોમાં પ્રાકટ્ય પામતું જોવાય છે. અને એ હૃદયમંથન એટલે કે હૃદયપરિવર્તનની પરાકાષ્ઠા એના મુખે બોલાયેલાં.

"देव ! कमपि प्रेषय पूरुषम् । यथा वैभारगिरि गह्वरन्यस्तं लोप्त्रं समर्प्य तत्र भ्रमयत: श्रीवर्धमानस्वामिन : क्रमाम्भोजसपर्यया स्वजन्य सफलतां नयामि" આ વાકયમાં જોવા મળે છે.

માત્ર આ બોલીને રૌહિણેય નથી અટકતો. એ તો તરત જ પોતાની સાથે આવવા તૈયાર થયેલા રાજા અને મંત્રી વગેરેને પોતાના ગુપ્તવાસમાં લઈ જઈ, ચોરેલો ધનમાલ તથા બા'ન પકડેલાં સ્રી-પુરુષો સુપરત કરી દઈ, રાજાજ્ઞા પ્રાપ્ત કરીને ભગવાન મહાવીરના ચરણોમાં આત્મસમર્પણ કરી દે છે અને એ સાથે જ આ નાટકકથા સમાપ્ત થાય છે.

☆

સમગ્ર રીતે प्रबुद्ध रौहिणेय[1] નો સાર વિચારીએ તો લાગે છે કે આ નાટક, જૈન ધર્મના 'અસ્તેય' ના સિદ્ધાંતનો અને 'લોકોત્તર ધર્મતીર્થંકરની વાણીના શ્રવણના અમોઘ મહિમા' નો પ્રચાર - પ્રસાર કરવાના જીવંત સાધન તરીકે પ્રયોજાયું છે.

આવા ઉદ્દેશ માટે પ્રયોજાતાં નાટકો અનેક છે. આ તો તેનું એક ઉદાહરણ છે. જેમ પ્રાચીન કાળમાં, તેમ આજે પણ ધર્મ સિદ્ધાંતો તથા ઉપદેશોના પ્રચાર માટે વિવિધ પદ્ધતિઓ અખત્યાર કરાય છે. દા. ત. ધાર્મિક ઉત્સવાદિ પ્રસંગોએ યંત્રની મદદથી ધાર્મિક કથાઓ પર આધારિત માટી કે કાષ્ઠની હાલતી ચાલતી રચનાઓ, જેમાં તીર્થંકર વગેરે લોકોત્તર પુરુષોની પ્રતિકૃતિમાં પણ યંત્ર-સહાયથી સજીવારોપણ કરાય છે. અનેક શિષ્ટ, સંસ્કારી, અભિનય કલાવિદો આજે પણ વિદ્યમાન છે જેઓ અભિનયના માધ્યમથી ધર્મપ્રસારના પોતાના હેતુને સફળ કરવા માટે પુરુષાર્થ ખેડતા જોવાય છે.

---

(૧) प्रबुद्ध रौहिणेय જૈન આત્માનંદ સભા (ભાવનગર) દ્વારા મુદ્રિત (વિ. સં. ૧૯૭૪), આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી દ્વારા સંપાદિત.

☆ ☆ ☆





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org